P6187

RAN-2408000602050002

# RAN-2408000602050002

## B.Com. (NCF-NEP) (Semester-II) Examination March - 2026
## AEC-Gujarati Proficiency and Life Skills-II
## AEC-Gujarati Bhasha Samarthya and Jivan Kaushal-II

**Time: 1 Hours ]** **[ Total Marks: 25**

| સૂચના : / Instructions | Seat No.: |
|---|---|
| (1) ઉપરોક્ત દર્શાવેલ વિગતો ઉત્તરવહી પર અવશ્ય લખવી.<br>Fill up strictly the above details on your answer book. | Student's Signature |

**પ્ર-1.** **નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો. (કોઈ પણ પાંચ)** **10**

1) દ્વિભાષી કોશ કોને કહેવામાં આવે છે ?
2) ઉચ્ચારણ કોશનો ઉપયોગ જણાવો.
3) રૂઢિપ્રયોગ એટલે શું? કોઈ એક ઉદાહરણ આપી સમજાવો.
4) રૂઢિપ્રયોગની બે લાક્ષણિકતાઓ જણાવો.
5) કહેવતની બે લાક્ષણિકતાઓ જણાવો.
6) વિરુદ્ધાર્થી કહેવત ઉદાહરણ આપી સમજાવો.
7) ગદ્ય સમીક્ષાનો હેતુ જણાવો.

**પ્ર-2. અ)** **કોઈપણ પાંચ રૂઢિપ્રયોગના અર્થ આપી સમજાવો.** **05**

1) આભના તારા દેખાડવા.
2) ખણખોદ કરવું.
3) ઘીને ઠામ ઘી પડી રહેવું.
4) ચાનક ચડવી.
5) જળકમળવત્ હોવું.
6) જીવમાં જીવ આવવો.
7) ટાઢું પાણી રેડવું.
8) ઢાંકણીમાં પાણી લઈ ડૂબી મરવું.
9) દિવાસળી ચાંપવી.
10) ધોયેલા મુળા જેવું.

**પ્ર-2. બ) કોઈપણ પાંચ કહેવતો અર્થ આપી સમજાવો.** **05**

1) ઉતાવળે આંબા ના પાકે.
2) ખાડો ખોદે તે પડે.
3) જાગ્યા ત્યાંથી સવાર.
4) ડુંગરા દૂરથી રળિયામણા.
5) બકરું કાઢતા ઊંટ પેસે.
6) બાર ગાઉએ બોલી બદલાય.
7) ભાવતું હતું ને વૈદે કહ્યું.
8) રજનું ગજ કરવું.
9) વાતનું વતેસર કરવું.
10) સોના કરતાં ઘડામણ મોંઘી.

**પ્ર-3.** ક) કોશના પ્રકારો અને ઉપયોગોની ટૂંકમાં ચર્ચા કરો. **05**

**અથવા**

ક) **નીચે આપેલો ગદ્યખંડ વાંચી, તેની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર લખો.** **05**

આપણા સાહિત્યમાં આજે જીવનને દોરવાની, પુરુષાર્થને નિશ્ચિત પ્રેરણા આપવાની, વિચારને શુદ્ધ કરવાની, ભાવનાને પવિત્ર રાખવાની અને પ્રજાનો અનન્ય વિશ્વાસ મેળવવાની શક્તિ રહી નથી. આજના સાહિત્યે સુંદરતા, નવીનતા, વિવિધતા અને ચમત્કૃતિની ઉપાસના ચલાવી છે. સત્યતા, દૃઢતા, પવિત્રતા, મંગલતાની ઉપાસના જાણે છોડી દીધી છે. તેથી જૂની ભાષામાં કહીએ તો આજનું સાહિત્ય 'આપ્ત' એટલે કે વિશ્વાસપાત્ર રહ્યું નથી.

માટે કેળવણીની શરૂઆત હવે તો નિરીક્ષણ, પરીક્ષણ, પ્રયોગ અને એને માટે જરૂરી ધ્યાન દ્વારા જ થવી જોઈએ પ્રત્યક્ષ કાર્યો કરીને, વસ્તુઓને ઘડીને, યોજનાઓને અમલમાં મૂકીને, કલ્પનાઓ કાર્ય દ્વારા કસીને, કેળવણીની શરૂઆત કરીએ કે જેથી પાયામાં કચાશ ન રહે; નબળાઈ રૂપાળી નહિ લાગે, આત્મવિશ્વાસ પેદા થાય અને પ્રસંગ પડયે એકાકી રહેવાની પણ હિંમત આવે. ...અનુભવની કેળવણું લેનાર માણસ કલ્પનાની જાળમાં ફસાય નહિ. એકલો રહીને પણ એ કહેશે કે અનુભવે આજ સુધી મને દગો દીધો નથી તો હું અનુભવને શી રીતે દગો દઉં. એ તો પ્રાચીન ઋષિની પેઠે ગાજી ઊઠશે કે હું સત્યનો ઉપાસક છું; સત્યધર્મા છું.

**- કાકા કાલેલકર**

1) આપણા સાહિત્યમાં લેખકને કઈ શક્તિની ઊણપ જણાય છે?
2) શાથી આજનું સાહિત્ય વિશ્વાસપાત્ર રહ્યું નથી?
3) કેળવણીની શરૂઆત કેવી રીતે થવી જોઈએ?
4) સાચી કેળવણીથી કયા ગુણો કેળવાય છે?
5) ગદ્યખંડને યોગ્ય શીર્ષક આપો.